Extra No. 217

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXVI ] MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**ના તારીખઃ **૩જી એપ્રિલ, ૨૦૨૫**ના હુકમ ક્રમાંકઃ **કેપી/૨૦૨૫નો ૧૧/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૦૮૪૩/સેક્શન-જે**.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**ORDER**

***Under***

**The Gujarat Panchayats Act, 1993**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ**

**હુકમ**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૨૦૨૫

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૧/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઇ-ફાઇલ/૧૪/૨૦૨૫/૦૮૪૩/સેક્શન–જે**:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જેવી ૨૦૨૪ નો ૪૨૨-યુડીયુએચડી/ એમઆઇએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેક્શન, કેવી-૨૦૨૪ નો ૪૨૩-યુડીયુએચડી/એમઆઇએસ/એમપીએમએલએ/૧૮/ ૨૦૨૨/૦૦૦૨/એમ સેક્શન, અને કેવી-૨૦૨૪ નો ૪૨૪-યુડીયુએચડી/એમઆઇએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેક્શન હેઠળ, અમરેલી જિલ્લાના ધારી ગ્રામ પંચાયત, પ્રેમપરા ગ્રામ પંચાયત, હરીપરા ગ્રામ પંચાયત, વેકરીયાપરા ગ્રામ પંચાયત અને નબાપરા-લેનપરા ગ્રામ પંચાયતના વિસ્તારોને, "નાના શહેરી વિસ્તારો" તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને ધારી મ્યુનિસિપાલિટીની રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "નાના શહેરી વિસ્તારો" હોવાથી, સંબંધિત જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થતા હોવાથી, જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન જિલ્લા પંચાયત, અમરેલીના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૩૪માંથી ઘટાડીને ૩૩ અને તાલુકા પંચાયત, ધારીના સભ્યોની સંખ્યા ૧૮માંથી ઘટાડીને ૧૪ કરે છે;

૨. જેમને સદરહુ જિલ્લા અને તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા છે તેવા જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

**અનુસૂચિ**

| **અનુક્રમાંક** | **જિલ્લા પંચાયતનું નામ** | **જિલ્લા/તાલુકા પંચાયતનું નામ** | **જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર** | **જિલ્લા/તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | અમરેલી | અમરેલી જિલ્લા પંચાયત | ધારી-૧૨ | ભુપતભાઈ ભાયાભાઇ વાળા |
| ૨ | અમરેલી | ધારી તાલુકા પંચાયત | ૪-ધારી-૧ | રમેશભાઇ વલ્લભભાઇ વાઘેલા |
| ૩ | અમરેલી | ધારી તાલુકા પંચાયત | ૫-ધારી-૨ | જયદેવભાઇ ચંપુભાઇ બસીયા |

| અનુક્રમાંક | જિલ્લા પંચાયતનું નામ | જિલ્લા/તાલુકા પંચાયતનું નામ | જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર | જિલ્લા/તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૪ | અમરેલી | ધારી તાલુકા પંચાયત | ૬-ધારી-૩ | અનવરભાઇ નાનુભાઇ લલીયા |
| ૫ | અમરેલી | ધારી તાલુકા પંચાયત | ૧૬-પ્રેમપરા | જયશ્રીબેન અતુલભાઇ કાનાણી |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એમ. ડી. પ્રજાપતિ,**

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:04:30 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar